દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ

રવિવાર ૧૭ મે, ૨૦૨૬

# આટલા સંકટ વચ્ચે પણ ચીનની નિકાસ વધી રહી છે તેવું ભારતમાં પણ થવું જોઈએ

ચીને ઈનોવેશન, હાઈ-ટૅક ઈન્ડસ્ટ્રી અને ઘરેલુ ખર્ચને પ્રોત્સાહન આપવાના પ્રયાસોમાં પણ ભારે રોકાણ કરવાનો વાયદો કર્યો છે. સત્તાધારી કૉમ્યુનિસ્ટ પાર્ટી દેશના અર્થતંત્રને નવું સ્વરૂપ આપવાનો પ્રયાસ કરી રહી છે. તે ઓછો વપરાશ, ઘટતી વસતી અને લાંબા સમયથી ચાલતા આવી રહેલા પ્રૉપર્ટી સંકટ સહિત ઘણી સમસ્યાઓ સામે ઝઝૂમી રહી છે. ચીને પોતાના મોટા ભાગના સામાનો પર દસ ટકા અમેરિકન ટેરિફનો સામનો કરવો પડી રહ્યો છે. જોકે, અમેરિકન નાણામંત્રી સ્કૉટ બેસેન્ટે મંગળવારે કહ્યું કે જુલાઈની શરૂઆત સુધી ટેરિફને એ સ્તરો સુધી પાછી લઈ જઈ શકાય છે, જે સુપ્રીમ કોર્ટે ઘણા આયાત કરોને રદ કરાયા પહેલાં લાગુ હતા. અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ મેમાં રાષ્ટ્રપતિ શી જિનપિંગ સાથે ચીનમાં મુલાકાત કરશે એવી આશા છે. મંગળવારે ચીનમાં માર્ચ મહિનાના નિકાસના આંકડા જાહેર કરાયા, તેનાથી



ખબર પડી કે વૃદ્ધિમાં ઝડપી ઘટાડો થયો છે. આનું કારણ એ છે કે મોંઘવારી વધી ગઈ અને લોકોએ ખર્ચ કરવાનું ઘટાડી દીધું.

જનરલ ઍડમિનિસ્ટ્રેશન ઑફ કસ્ટમ્સે મંગળવારે જાહેર કરેલા આંકડા પ્રમાણે, ગત મહિને ચીની નિકાસ વૃદ્ધિ ઝડપથી ઘટીને 2.5 ટકા રહી ગઈ, જ્યારે ગત વર્ષે આ જ સમયે તે વધુ હતી. આ ગત છ મહિનામાં નિકાસની વૃદ્ધિનું સૌથી નીચલું સ્તર છે. આ પહેલાં જાન્યુઆરી અને ફેબ્રુઆરીમાં કુલ નિકાસમાં ગત વર્ષની સરખામણીએ 20 ટકા કરતાં વધુનો વધારો થયો હતો. ઈલેક્ટ્રૉનિક્સ અને મૅન્યુફૅક્ચરિંગ સાથે સંકળાયેલા સામાનોની જબરદસ્ત માગને કારણે આ આંકડો વધી ગયો હતો. ચીન દર વર્ષે પ્રથમ બે માસના વેપાર ડેટાને એક સાથે જોડે છે, જેથી લૂનર ન્યૂ યરની રજાઓ દરમિયાન થનારા ઉતારચઢાવનો હિસાબ રાખી શકાય. આ રજા દર વર્ષે અલગ અલગ તારીખએ થાય છે. કસ્ટમ ડેટા અનુસાર, માર્ચમાં ચીનની આયાત પણ 28 ટકા વધી. આના કારણે ચીનનું માસિક ટ્રેડ સરપ્લસ (એટલે કે તેની નિકાસ તેની આયાત કરતાં વધુ છે)50 અબજ ડૉલરથી વધુ રહી. પરંતુ ગત એક વર્ષમાં આ સૌથી ઓછા માસિક ટ્રેડ સરપ્લસનો આંકડો છે. ઑસ્ટ્રેલિયન નૅશનલ યુનિવર્સિટીમાં અર્થશાસ્ત્રના લેક્ચરર યિક્સિયાઓ જો પ્રમાણે, ઈમ્પૉર્ટની કિંમતમાં વધારાનું કારણ ઈરાન યુદ્ધને પગલે સમગ્ર વિશ્વમાં ખર્ચમાં થયેલી વૃદ્ધિ હોઈ શકે છે. ઈરાનની શિપિંગ માટે મહત્ત્વપૂર્ણ એવી હોર્મુઝની સામુદ્રધુનીનો ઉપયોગ કરવાની કોશિશ કરનારાં જહાજો વિરુદ્ધ ધમકીઓને કારણે ક્રૂડ ઑઈલની કિંમતો વધી ગઈ છે. સાથે જ તેનાથી બનતો સામાન, જેમ કે, પ્લાસ્ટિકની કિંમત પણ વધી ગઈ છે. જાપાન અને દક્ષિણ કોરિયા જેવી બીજી મોટી અર્થવ્યવસ્થાઓની સરખામણીએ, ચીન અખાતના દેશો પાસેથી મળતા ક્રૂડ ઑઈલ પર ઓછું નિર્ભર છે. જાપાન અને દક્ષિણ કોરિયા પર આ સંકટની ભારે અસર પડી રહી છે. પરંતુ ચીનમાં પેટ્રોલ મોંઘું થતું જઈ રહ્યું છે, જેટ ફ્યૂઅલની કિંમતો વધવાના કારણે કેટલી ચાઈનીઝ ઍરલાઈન્સે પોતાની ઉડાણો ઘટાડી દીધી છે. યિક્સિયાઓ જો કહે છે કે જો સંઘર્ષના કારણે વધેલી કિંમતોને કારણે સમગ્ર વિશ્વમાં ગ્રાહક ખર્ચ કરવામાં ઓછો રસ દાખવે તો આ યુદ્ધની અસર ચાઈનીઝ નિકાસ પર પડી શકે છે. તેમણે કહ્યું, "નિકાસમાં વધારો આખરે તમારા વેપારી ભાગીદારોનાં અર્થતંત્રો પર આધારિત છે. આ વૃદ્ધિને સતત ખૂબ ઊંચા દરે જાળવી રાખવી મુશ્કેલ હોય છે."

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

## જિંદગીના કેનવાસ પર

ચાર્જિંગ પોઈન્ટ

હેતા ભૂષણ

એક દાદા બહુ સારા મહાન ચિત્રકાર ન હતા પણ તેમને ચિત્રકળા ગમતી અને તેઓ ચિત્રો દોરતા રહેતા અને પોતાના સ્વજનોને ભેટ આપતા રહેતા. દાદા હંમેશા પોતાના થેલામાં એક નાનકડી ડ્રોઈંગ બુક અને રંગીન ચોક કલરનો ડબ્બો રાખતા અને જ્યાં જાય ત્યાં જયારે સમય મળે જે સામે દેખાય તેનું ચિત્ર દોરતા રહેતા.

દાદાના એક મિત્ર એકદમ ઉદાસીન હતા, જીંદગીમાં તેમને કોઈ ઉમંગ રહ્યો ન હતો કારણ કે છોકરાઓ તેમનું માનતા ન હતા અને પત્ની પોતાની દુનિયામાં મસ્ત હતી.મિત્ર આખો દિવસ ફરિયાદ કરતા રહેતા અને બધા પર કચકચ કરતાં એટલે બધા સ્વજનો તેમનાથી દુર થતા જતા હતા અને તેઓ એકલા પડી રહ્યા હતા અને તેમની વધતી એકલતાને લીધે વધુ નિરાશ અને હતાશ રહેતા હતા.

આજે મિત્રનો જન્મદિવસ હતો, દાદાએ તેમને સુંદર સૂર્યોદયનું અનેક રંગછટા ધરાવતું ચિત્ર ભેટ આપ્યું. મિત્રએ ચિત્ર જોયું અને તરત બોલ્યા, 'અરે દોસ્ત અહીં જીંદગીની રાત થવા આવી, ચારેબાજુ કાળાશ સિવાય કઈ બચ્યું નથી અને તારે આવા રંગીન ચિત્રો દોરવા છે.શું અર્થ છે આ રંગોનો જયારે જીંદગીમાં જ કોઈ રસ ન રહ્યો હોય.' દાદા બોલ્યા, 'દોસ્ત તું તો એવો છે ને કે જો તને રંગીન સુર્યોદય કે સપ્તરંગી સાંજ કે પછી મેઘધનુષ કે ફૂલો દોરવા કહું તો તું તો બધું જ કાળું અને ગ્રે રંગનું જ દોરે...!!!' મિત્રને જરા માઠું લાગ્યું તેમણે કહ્યું, 'હા ભલે મારી મરજી ...'

દાદાએ પોતાના થેલામાંથી રંગોનો ડબ્બો કાઢતાં કહ્યું, 'અરે મારા દોસ્ત એમ ગુસ્સે ન થા, જો આપણે સતત ગ્રે અને કાળો રંગ જ હાથમાં લઈને કોઇપણ ચિત્ર દોરીએ તો તે હંમેશા કાળું અને ન ગમે તેવું જ બને અને તેને જોઇને આનંદ આવવાને બદલે કંટાળો કે ગુસ્સો આવે.પણ જો આ ડબ્બામાં બીજા અનેક ચમકતા રંગો છે લાલ ,પીળો ,કેસરી, ગુલાબી, લીલો વગેરે તે બધાને ભેળવીને ચિત્ર દોરીએ તો ચિત્ર ખીલી ઉઠે.' મિત્ર હજી ગુસ્સામાં હતા તે બોલ્યા, 'તને ચિત્રકામ ગમે છે તું દોર મારે કોઈ ચિત્ર દોરવા નથી સમજ્યો.' દાદાએ કહ્યું, 'મારા દોસ્ત, આપણું જીવન પણ અનેક રંગોનો ડબ્બો છે અને આપનો જીવન પ્રત્યેનો અભિગમ નક્કી કરે છે કે આપણે જીવનનું ચિત્ર કેવું બનાવવું છે.હંમેશા ગુસ્સામાં રહીને ,અતડા રહીને ફરિયાદ કરીને, કચકચ કરીને તું તારા જીવનના ચિત્રમાં પણ કાળાશ ફેલાવી રહ્યો છે પણ થોડો પ્રેમનો લાલ રંગ ,દોસ્તીનો પીળો રંગ, હાસ્યનો ગુલાબી રંગ, ખુશીનો લીલો રંગ જિંદગીના કેનવાસમાં ઉમેર પછી જો કેવું સરસ ચિત્ર બને છે.બધાના જીવનમાં અણગમતા બનાવો અને ન ગમતા સંજોગોના ગ્રે,કાળા, રાખોડી રંગો હોય જ છે પણ આપણે ચમકતા રંગો ઉમેરીને ચિત્ર સુંદર બનાવવું પડે સમજ્યો આમ કરી જો પછી જોજે જિંદગીનો એક એક દિવસ કેવો સુંદર આ ચમકતા રંગીન સૂર્યોદય જેવો ઉગશે.' દાદાએ રંગો દ્વારા જિંદગીની સમજ આપી.

# ટ્રમ્પની ચીન મુલાકાત - ઘરઆંગણે નિષ્ફળતાનો ઈતિહાસ તેમનો પીછો છોડતો નથી

વર્લ્ડ વૉચ

ડૉ. જયનારાયણ વ્યાસ

વર્ષ 2017 બાદ અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની ચીન મુલાકાતને એક વિશેષ અને મહત્ત્વપૂર્ણ ઘટના તરીકે જોવામાં આવે છે. આજે પણ અમેરિકા અને ચીન જગતની બે મુખ્ય મહાસત્તાઓ છે. આખી દુનિયાને ટેરિફના દબાણ હેઠળ ધ્રુજાવનાર ટ્રમ્પ ચીન માટે આવું કરી શક્યા નથી; કારણ કે ચીન પાસે 'રેર અર્થ' અને 'મેગ્નેટ' જેવાં ખનિજોનો વિશાળ ભંડાર છે. આ સંસાધનો આવતી કાલની ઓટોમોબાઈલ ઈન્ડસ્ટ્રીઝથી માંડીને AI (આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ) ક્ષેત્ર માટે અનિવાર્ય છે. આ મટીરિયલની નિકાસ પર પ્રતિબંધ મૂકીને ચીન માત્ર અમેરિકાને જ નહીં, પણ સમગ્ર વિશ્વને નમાવી શકે છે. આ જ કારણ છે કે કોઈ પણ પ્રકારના યુદ્ધમાં સંડોવાયા વગર ચીન, અમેરિકા જેવા શક્તિશાળી દેશ પાસે પણ દંડો પછાડીને પોતાનું ધાર્યું કરાવી શકે છે.આવું જ કંઈક તાજેતરમાં અમેરિકા-ઈઝરાયેલ-ઈરાન સંઘર્ષમાં પણ જોવા મળ્યું. ઈરાને 'હોર્મુઝ સ્ટ્રેટ'(જ્યાંથી દુનિયાના પાંચમા ભાગનો ઊર્જા પુરવઠો પસાર થાય છે) પર પોતાના નિયંત્રણને કારણે જે પ્રતિબંધો લાદ્યા છે, તેનાથી ભારત અને યુરોપિયન દેશો ઊર્જા કટોકટીનો ભોગ બન્યા છે. આ યુદ્ધ વહેલી તકે સમેટાઈ જાય તે માટે વિશ્વ સમુદાયનું ટ્રમ્પ પર દબાણ વધ્યું છે.

આ બંને ઉદાહરણો પરથી સ્પષ્ટ બોધપાઠ મળે છે કે જો તમે એવી કોઈ વસ્તુનું ઉત્પાદન કરતા હો જેમાં તમારી મોનોપોલી હોય અને વિશ્વ તમારા પર નિર્ભર હોય, તો તમે ગમે તેવા શક્તિશાળી રાષ્ટ્રને મંત્રણાના ટેબલ પર લાવી શકો છો. શી જિનપિંગ અને ટ્રમ્પ જ્યારે મંત્રણા માટે બેઠા, ત્યારે તાઈવાનથી માંડીને મેગ્નેટ્સ, રેર અર્થ અને ઈરાનથી લઈને ખનિજ તેલ તથા ગેસ જેવા અનેક મુદ્દે બંને નેતાઓએ એકબીજાને સમજવાનો પ્રયત્ન કર્યો. આ ઘટના સમગ્ર વિશ્વના ભૂ-રાજકીય પ્રવાહો માટે અત્યંત સૂચક છે. જ્યારે ઓક્ટોબર 2025માં ટ્રમ્પ શી જિનપિંગને મળ્યા હતા, ત્યારે તેઓ પ્રમાણમાં મજબૂત સ્થિતિમાં હતા. તેમણે ટેરિફનું જે જોખમ લીધું હતું, તે અમેરિકા અને વિશ્વ જીરવી ગયું હતું અને અમેરિકન અર્થતંત્ર પર તેની કોઈ નકારાત્મક અસર દેખાતી નહોતી. શેરબજાર મજબૂત હતું, ફેડરલ રિઝર્વ વ્યાજદરો ઘટાડી રહી હતી અને સરકારી શટડાઉન હોવા છતાં વહીવટ ચાલતો હતો. 20 જાન્યુઆરી, 2017થી સત્તા સંભાળનાર ટ્રમ્પની છબી ત્યારે અત્યાર જેટલી ખરડાયેલી નહોતી.

**જ્યારે ઓક્ટોબર 2025માં ટ્રમ્પ શી જિનપિંગને મળ્યા હતા, ત્યારે તેઓ પ્રમાણમાં મજબૂત સ્થિતિમાં હતા. તેમણે ટેરિફનું જે જોખમ લીધું હતું, તે અમેરિકા અને વિશ્વ જીરવી ગયું હતું અને અમેરિકન અર્થતંત્ર પર તેની કોઈ નકારાત્મક અસર દેખાતી નહોતી**

પરંતુ મે 2026ની આ મુલાકાત સમયે ટ્રમ્પ માટે સ્થિતિ વિપરીત છે: ઘરઆંગણે ઓક્ટોબર 2025માં તેમનું રેટિંગ 35% હતું, જે હવે ઘટીને 30% થઈ ગયું છે. ભાવવધારો અને બેરોજગારી જેવા મુદ્દે અમેરિકન મતદારો નારાજ છે. એપ્રિલ 2026માં અમેરિકામાં ફુગાવો 3.8% નોંધાયો છે, જે ફેડરલ રિઝર્વના લક્ષ્યાંક કરતાં બમણો છે. મોંઘવારીને કારણે સામાન્ય નાગરિકોની વાસ્તવિક આવકમાં છેલ્લાં ત્રણ વર્ષમાં પ્રથમ વખત ઘટાડો થયો છે. 30 વર્ષના બોન્ડ પર વ્યાજદર 5% સુધી પહોંચ્યા છે, જે 2007 પછી સર્વોચ્ચ છે. આનાથી હોમ લોન અને ક્રેડિટ કાર્ડ મોંઘાં થયાં છે.

ગેસોલીનનો ભાવ 3 ડોલરથી વધીને 4.50 ડોલર પ્રતિ ગેલન સુધી પહોંચી ગયો છે, જેણે દરેક ક્ષેત્રે મોંઘવારી વધારી છે. ઉપરાંત ટ્રમ્પે ચૂંટણી પ્રચારમાં વચન આપ્યું હતું કે અમેરિકા બહારના યુદ્ધોમાં નહીં જોડાય, પરંતુ ઈરાન-ઈઝરાયેલ યુદ્ધમાં અમેરિકા સંડોવાયું. 400 જેટલા સૈનિકો ઘાયલ થયા અને અનેક જાનહાનિ થતાં અમેરિકન પ્રજામાં રોષ છે. ઈરાનને ત્રણ દિવસમાં નમાવી દેવાની બડાઈઓ ખોટી પડી છે. ઈરાને મક્કમતાથી સામનો કરી અમેરિકાનાં લશ્કરી થાણાં પર હુમલા કર્યા અને ઈઝરાયેલની એર ડિફેન્સ સિસ્ટમની મર્યાદાઓ ખુલ્લી પાડી દીધી.

આમ, મે 2026માં જ્યારે ટ્રમ્પ શી જિનપિંગને મળ્યા, ત્યારે તેમની આંતરરાષ્ટ્રીય અને સ્થાનિક છબી નબળી હતી. ચીને તાઈવાન મુદ્દે અમેરિકાને કોઈ પણ દખલગીરી ન કરવાની સ્પષ્ટ સલાહ આપી, જે સાંભળી લેવા સિવાય ટ્રમ્પ પાસે અન્ય કોઈ વિકલ્પ બચ્યો નહોતો.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

# ભારતીય રાજકારણની સાત પ્રભાવશાળી જુગલબંદીઓ: એક ઐતિહાસિક વિશ્લેષણ

સમયાંતર

રામચંદ્ર ગુહા

**નેહરુ-પટેલથી મોદી-શાહ: સત્તાની ભાગીદારી અને રાષ્ટ્ર પર તેની અસર, બે સત્તાકેન્દ્રોનો પ્રભાવ: ભારતના લોકશાહી ઈતિહાસની મહત્ત્વની ભાગીદારીઓ**

6 ઓગસ્ટ 2019ના રોજ હું બેંગલુરુની ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સમાં મારા સાથીદારો સાથે કોફી પી રહ્યો હતો. અમે કાશ્મીરમાં કલમ 370 નાબૂદ કરવા અંગે ચર્ચા કરી રહ્યા હતા, જે તેના આગલા દિવસે જ કરવામાં આવી હતી. ટેબલ પર બેઠેલા એક યુવાન સભ્યે, જે કોમ્પ્યુટર સાયન્ટિસ્ટ હતા, ટિપ્પણી કરી: 'આ જે આપણે જોઈ રહ્યા છીએ તે મોદી 2.0 નથી, પણ શાહ 1.0 છે'. સ્વાભાવિક છે કે, તે નવા ગૃહમંત્રી જ હતા, જેમણે ભારતના એક માત્ર મુસ્લિમ બહુમતી ધરાવતા રાજ્યનો દરજ્જો ઘટાડવાનું આયોજન અને સંચાલન કર્યું હતું. કદાચ આને 'શાહ 1.0' તરીકે જોવું એ અતિશયોક્તિ હોઈ શકે, પરંતુ હવે એમાં કોઈ શંકા નહોતી કે અમિત શાહ માત્ર સરકારમાં બીજા સૌથી શક્તિશાળી વ્યક્તિ નહોતા, પરંતુ વડા પ્રધાન સિવાયના એકમાત્ર મંત્રી હતા જેમની પાસે સાચી સત્તા અને સ્વતંત્ર રીતે કાર્ય કરવાની ક્ષમતા હતી.

મોદી-શાહની આ જુગલબંદીના ભૂતકાળમાં પણ ઉદાહરણો રહ્યાં છે. સ્વતંત્ર ભારતનાં શરૂઆતનાં વર્ષોમાં જવાહરલાલ નેહરુ અને વલ્લભભાઈ પટેલ વચ્ચેની ભાગીદારીનો વિચાર કરો. જ્યારે સમકાલીન રાજકારણની ઝેરીલી દલીલો તેમને હરીફો અને વિરોધીઓ તરીકે રજૂ કરે છે, હકીકતમાં તેઓ મિત્રો, સાથીદારો અને સહકાર્યકરો હતા. ભાગલાનાં ખંડેરો વચ્ચે અછત અને વંચિતતા, સંઘર્ષ અને વિભાજનના પડકારોનો સામનો કરતાં સમયે, જો નેહરુ અને પટેલે સાથે મળીને કામ ન કર્યું હોત તો એક સંયુક્ત અને લોકશાહી ભારત ક્યારેય અસ્તિત્વમાં ન આવ્યું હોત. રજવાડાંઓને એકસાથે લાવીને ભારતને પ્રાદેશિક રીતે એક કરવામાં, વહીવટી તંત્રનું આધુનિકીકરણ કરવામાં, હિન્દુ જમણેરી અને ડાબેરી સામ્યવાદી ઉગ્રવાદીઓને કાબૂમાં લેવામાં અને બી. આર. આંબેડકર દ્વારા નિર્દેશિત બંધારણ નિર્માણની પ્રક્રિયાને સમર્થન આપવા માટે આગ્રહી કોંગ્રેસને તૈયાર કરવામાં પટેલે અગ્રણી ભૂમિકા ભજવી હતી. તેવી જ રીતે, નેહરુએ ધાર્મિક અને ભાષાકીય લઘુમતીઓ અને મહિલાઓને સમાન અધિકારોની ખાતરી આપીને અને ઉચ્ચ વર્ગના વિરોધ છતાં સાર્વત્રિક પુખ્ત મતાધિકારની હિમાયત કરીને ભારતને ભાવનાત્મક રીતે એક કરવામાં અગ્રણી ભૂમિકા ભજવી હતી.

ચોક્કસપણે, નેહરુ અને પટેલ વચ્ચે મતભેદો હતા. આમ છતાં તેઓએ વ્યાપક રાષ્ટ્રીય હિતમાં તેને ડામી દેવા માટે વીરતાપૂર્વક કામ કર્યું. એ પણ સાચું છે કે તેમને આંબેડકર જેવા નોંધપાત્ર સક્ષમ મંત્રીઓ અને સક્ષમ સનદી અધિકારીઓનો સાથ મળ્યો હતો. આમ છતાં, ઐતિહાસિક સંશોધનોએ સત્તાવાર રીતે સાબિત કર્યું છે કે રાષ્ટ્રના નિર્માણમાં તેમની ભાગીદારીની ભૂમિકા કેન્દ્રીય અને નિર્ણાયક હતી. (મારા પોતાના પુસ્તક 'ઈન્ડિયા આફ્ટર ગાંધી' ઉપરાંત, વાચકો રાજમોહન ગાંધી દ્વારા લખાયેલ વલ્લભભાઈ પટેલનું સંશોધન આધારિત જીવનચરિત્ર વાંચી શકે છે.) ડિસેમ્બર 1950માં પટેલના અવસાન અને તેના પછીના વર્ષે આંબેડકરના રાજીનામા પછી નેહરુ કેબિનેટના તમામ આંકડાઓ પર વર્ચસ્વ ધરાવતા હતા, જે કદાચ એક મિશ્ર આશીર્વાદ સમાન હતું. ભારતીય રાજકારણને વ્યાખ્યાયિત કરનારી આગામી બેલડી 1960ના દાયકાના અંતમાં ઉભરી આવી, જ્યારે વડા પ્રધાન ઈન્દિરા ગાંધીએ ભૂતપૂર્વ રાજદ્વારી પી. એન. હકસરને તેમના મુખ્ય સચિવ તરીકે નિયુક્ત કર્યા. હકસર ટૂંક સમયમાં જ શ્રીમતી ગાંધીના કોઈ પણ કેબિનેટ મંત્રી કરતાં વધુ શક્તિશાળી બની ગયા. 1970 અને 1975ની વચ્ચે, તેઓ તેમના જમણા હાથ અને સૌથી પ્રભાવશાળી સલાહકાર હતા. તેમણે વડા પ્રધાનની સૌથી ગૌરવશાળી ક્ષણ-બાંગ્લા દેશની આઝાદી-ના આયોજનમાં અને કૃષિ તેમજ અવકાશ જેવા મહત્ત્વનાં ક્ષેત્રોમાં ઉચ્ચ ગુણવત્તાવાળા વિજ્ઞાનને પ્રોત્સાહન આપવામાં ભૂમિકા ભજવી હતી. બીજી તરફ, શ્રીમતી ગાંધીની કેન્દ્રીયકરણ અને નિયંત્રણની નુકસાનકારક આર્થિક નીતિઓ ઘડવામાં પણ હકસર નિમિત્ત બન્યા હતા.1975માં વડા પ્રધાનના બીજા પુત્રના પક્ષમાં હકસરને બાજુ પર મૂકવામાં આવ્યા હતા. ઈન્દિરા અને સંજય ગાંધી વચ્ચેની ભાગીદારી નાગરિક સ્વતંત્રતાના દમન, મીડિયા પર સેન્સરશીપ, ન્યાયતંત્રને વશ કરવા, અમલદારશાહી અને પોલીસને માતા અને પુત્રના તાબેદાર બનાવવા અને તમામ રાજકીય વિરોધીઓને જેલમાં ધકેલી દેવા દ્વારા દેશના સરમુખત્યારશાહી તરફના પતન માટે જવાબદાર હતી અને ઈન્દિરા ગાંધી અને પી. એન. હકસર વચ્ચેની ભાગીદારીથી વિપરીત, આમાં કોઈ સકારાત્મક પાસું જ નહોતું.

સરકારમાં ઉભરેલી આગામી નોંધપાત્ર ભાગીદારી વર્ષ 1991-1996 દરમિયાન વડા પ્રધાન પી. વી. નરસિંહરાવ અને નાણાંમંત્રી મનમોહનસિંહ વચ્ચેની હતી. રાવ અને સિંહે સાથે મળીને દેશને લાયસન્સ-પરમિટ-ક્વોટા રાજમાંથી મુક્ત કરવામાં મદદ કરી, જેનાથી ત્રણ દાયકાના સતત આર્થિક વિકાસની શરૂઆત થઈ, જેણે ગરીબીમાં મોટો ઘટાડો કર્યો છે, એક વિશાળ મધ્યમ વર્ગ ઊભો કર્યો છે અને વિશ્વમાં ભારતનું કદ વધાર્યું છે.

ત્યાર બાદ અટલબિહારી વાજપેયી અને લાલકૃષ્ણ અડવાણી વચ્ચેની ભાગીદારી આવી. 1980 અને 1990ના દાયકામાં, તેઓએ ભારતીય જનતા પાર્ટીને કોંગ્રેસ પાર્ટી સામે મુખ્ય રાષ્ટ્રીય પડકારરૂપ બનાવવા માટે સાથે મળીને કામ કર્યું. જ્યારે 1998 અને 2004ની વચ્ચે ભાજપ સત્તામાં હતો ત્યારે વાજપેયીએ વડા પ્રધાન તરીકે અને અડવાણીએ ગૃહમંત્રી તરીકે સેવા આપી હતી. તેઓએ યશવંત સિંહા અને જસવંત સિંહ જેવા લાયક કેબિનેટ સાથીદારોની મદદથી રાવ અને સિંહ દ્વારા શરૂ કરાયેલા આર્થિક ઉદારીકરણના માર્ગને ચાલુ રાખ્યો. તે દરમિયાન, હકીકત એ હતી કે તેઓ માત્ર બહુપક્ષીય ગઠબંધનના ભાગરૂપે જ શાસન કરી શકતા હતા. તેનો અર્થ એ હતો કે સંઘ પરિવારની બહુમતીવાદી વૃત્તિઓને સંપૂર્ણપણે મોકળો માર્ગ મળ્યો નહોતો. (વાજપેયી-અડવાણી જુગલબંદીનું વિશ્લેષણ વિનય સીતાપતિ અને અભિષેક ચૌધરીની તાજેતરની રચનાઓમાં કરવામાં આવ્યું છે.)

2004માં ભાજપે અનપેક્ષિત રીતે સત્તા ગુમાવી. તે પછીના દાયકા સુધી દેશમાં કોંગ્રેસના વર્ચસ્વવાળા બહુપક્ષીય ગઠબંધનનું શાસન હતું. ફરી એક વાર, બે વ્યક્તિઓએ અન્ય તમામ કરતાં વધુ સત્તા ભોગવી: વડા પ્રધાન મનમોહનસિંહ અને કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધી, સિંહના નિર્દેશન હેઠળ દેશની આર્થિક પ્રગતિ પ્રભાવશાળી રહી; સોનિયા અને તેમની રાષ્ટ્રીય સલાહકાર પરિષદના માર્ગદર્શન હેઠળ ગરીબો માટે સામાજિક સુરક્ષા કવચ ઊભું કરવાના મૂલ્યવાન પ્રયાસો કરવામાં આવ્યા હતા. ભાગીદારીના આ ફાયદાઓ કમનસીબે સત્તાનું સાચું કેન્દ્ર કોણ છે તેની અસ્પષ્ટતાને કારણે ધોવાઈ ગયા હતા. તે ચોક્કસપણે વડા પ્રધાન હોવા જોઈતા હતા; તેમ છતાં સ્વભાવે સિંહ ડરપોક અને જોખમ લેવાનું ટાળતા હતા અને સોનિયા ગાંધીને માત્ર તેમના જ અધિકારક્ષેત્ર હેઠળ આવતી બાબતોમાં (જેમ કે શિક્ષણ નીતિ) વધુ પડતી દખલગીરી કરવા દીધી હતી.

અને હવે, નરેન્દ્ર મોદી અને અમિત શાહના રૂપમાં, આપણી પાસે આપણા રાજકારણમાં સાતમી ડ્યુઓપોલી (બે વ્યક્તિનું વર્ચસ્વ) છે, જેમાં બે વ્યક્તિઓ અને તેમની ભાગીદારીએ ભારત અને ભારતીયોની બાબતોમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. સમયના સંદર્ભમાં, આ અહીં ચર્ચાયેલી તમામ જુગલબંદીઓમાં સૌથી લાંબી ચાલનારી છે. મોદી અને શાહે 2002થી 2014 વચ્ચે ગુજરાતના રાજકારણમાં અને 2014થી રાષ્ટ્રીય રાજકારણમાં એકબીજા સાથે મળીને કામ કર્યું છે. આ સમયગાળામાં, તેઓએ ક્યારેય રાજકીય સત્તા ગુમાવી નથી; ખરેખર, તેઓએ પહેલાં ગુજરાતને એક પાર્ટીવાળું રાજ્ય બનાવીને અને પછી સમગ્ર ભારતમાં ભાજપનાં પદચિહ્નો વિસ્તારીને પોતાની સત્તા વધારી છે.

જ્યારે રાજકીય દીર્ઘાયુષ્ય અને રાજકીય સફળતાની દૃષ્ટિએ જોવામાં આવે ત્યારે મોદી-શાહની ભાગીદારી પ્રભાવશાળી લાગે છે. છતાં જો કોઈ જુએ કે તેઓએ કેવી રીતે સત્તા મેળવી છે અને સત્તામાં આવ્યા પછી શું કર્યું છે, તો તેમનો રેકોર્ડ ઘણો ઘેરો છે. સત્તા હાંસલ કરવા માટે તેઓએ દબાણ અને લાંચના મિશ્રણ દ્વારા હરીફ પક્ષોને તોડ્યા છે, પ્રેસને ડરાવ્યું છે અને તેને વ્યક્તિગત અને પક્ષના પ્રચારનું વાહન બનાવ્યું છે, ન્યાયતંત્રને વશ કર્યું છે, વિરોધ કરનારાઓને (અહિંસક વિરોધ કરનારાઓ સહિત) જેલમાં ધકેલવા માટે કડક પગલાંનો ઉપયોગ કર્યો છે, ભારતીય સંઘવાદને નબળો પાડ્યો છે અને અગાઉની સ્વતંત્ર જાહેર સંસ્થાઓની (અને સૌથી વધુ તો ચૂંટણી પંચની) ઈમાનદારી સાથે બાંધછોડ કરી છે. સત્તામાં આવ્યા પછી તેઓએ કેટલાક પસંદગીના મૂડીવાદીઓની તરફેણ કરી છે (અને ખાસ કરીને તેમના ગૃહ રાજ્યના બે), વિદેશી રોકાણકારોને દૂર ભગાડ્યા છે, ઉત્પાદન ક્ષેત્રે રોજગાર પેદા કરવામાં નિષ્ફળ રહ્યા છે, વૈજ્ઞાનિક સંશોધનનું રાજકીયકરણ કર્યું છે અને આપણી જંગલો, પાણી, હવા અને જમીનને નુકસાન પહોંચાડ્યું છે- આ બધાં પગલાં સામુહિક રીતે દેશની ભવિષ્યની આર્થિક સંભાવનાઓને નબળી પાડે છે. હું એક યુનિવર્સિટીમાં શિક્ષક રહ્યો છું, જ્યાં મારે મારા અભ્યાસક્રમો ભણતા વિદ્યાર્થીઓને A+, A, A- થી લઈને F સુધી ગ્રેડ આપવાના હતા. હું ક્રિકેટનો પણ શોખીન છું, જે હંમેશાં શ્રેષ્ઠ બોલરોની યાદી બનાવતો હોય છે, જેમને 1, 2, 3થી 10 સુધીના રેન્ક આપવામાં આવે છે. હું અહીં આ કોલમમાં દર્શાવેલ સાત જુગલબંદીઓને નંબરવાળા ગ્રેડ આપવા અથવા તેમને સકારાત્મક સિદ્ધિના ક્રમમાં ગોઠવવાનું ટાળીશ. તેમ છતાં અત્યાર સુધી જે નિર્ણય લઈ શકાય છે તે મુજબ, ઈતિહાસનો ચુકાદો એ હશે કે આ ભાગીદારીઓમાંની પહેલી નિઃશંકપણે સૌથી શ્રેષ્ઠ અને રચનાત્મક હતી અને ત્રીજી તેમજ સાતમી કદાચ સૌથી નુકસાનકારક અને વિનાશક હતી.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

## ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

### અધિક માસ

રવિવારથી પ્રારંભ થતા અધિક માસની સૌને વધામણી. પુરુષોત્તમ માસની વિવિધ કથાઓ / પુજાઓ વિષે ઘણુ - ઘણુ જોવા, જાણવા ને માણવા મળશે. ચર્ચા-મિત્રો નવી પેઢી, જેન ઝી, ના સંપર્ક માં હશે જ, અને ના હો તો ધર્મ, રાષ્ટ્ર કે રાષ્ટ્રધર્મ ને દ્રષ્ટિ સમક્ષ રાખી એ વિકસાવવો. કેમ કે તેઓ જ દેશનુ ભાવી છે. મૂળ વાત પર આવીએ તો, પ્રારંભ થનાર અધિક માસ વિષે વાત કરવી છે. ખગોળશાસ્ત્ર ની દ્રષ્ટિએ જોઈએ તો સૂર્ય ની પરિકમા કરતી પૃથ્વી ફરી પાછી કોઈ એક ચોક્કસ સ્થાને આવે ત્યારે આપણે તે સમયગાળાને "એક વરસ" ગણીએ છીએ. પરંતુ આ સમયગાળામાં જે બાર મહિના, એટલે કે બાર અમાસ/પૂનમ થતા નથી. આથી આની અંદર દે દાળમાં પાણીની જેમ એક વધારે મહિનો ઉમેરી દઈએ છીએ. પરંતુ કયો માસ અને ક્યારે ઉમેરવો એના ઘણા નિયમો છે. તદ્ અનુસાર જ કયો અતિરિક્ત (વધારાનો, એટલે કે અધિક) માસ ગણવો. દ્રષ્ટાંત તરીકે 17મીથી પ્રારંભ થનાર જેઠ માસ અધિક જેઠ તરીકે ગણાશે. જ્યારે રેગ્યુલર જેઠ માસ, જે નિજ જેઠ છે તે, 15 જૂન, સોમવારથી શરૂ થશે.

**સૂરત - ચેતન સુશીલ જોષી**

### ચૂંટણી આયુક્તોની પસંદગીના કાનૂન

સર્વોચ્ચ ન્યાયાલયે તેની આગળ મુખ્ય ચૂંટણી આયુક્ત અને અન્ય ચૂંટણી આયુક્તોની પસંદગીને લગતાં કાનૂન, ૨૦૨૩ સામે દાખલ કરવામાં આવેલ અરજીઓની સુનાવણી કરી. આ દરમ્યાન વિદ્વાન ન્યાયમૂર્તિએ કેટલાક રસપ્રદ પ્રારંભિક અવલોકન/ટિપ્પણી/પ્રશ્ન કર્યાં, જે આ મુજબ છે: ચૂંટણી પંચ સ્વતંત્ર હોય એટલું પૂરતું નથી પણ તે સ્વતંત્ર છે એમ દેખાવું પણ જોઈએ; સ્વતંત્ર ચુનાવ આયુક્તો વિના ચૂંટણી પંચ સ્વતંત્ર હોય શકે નહીં; ચૂંટણી આયુક્તઓની નિમણૂંક બાબતની નિષ્પક્ષતાનો આ દેખાડો શા માટે? - કેમકે પસંદગી સમિતિ જ્યારે ત્રણ સદસ્યો (વડાપ્રધાન, એક કેન્દ્રીય મંત્રી અને વિરોધ પક્ષના નેતા) ની બનેલી હોય ત્યારે સ્વભાવિક છે કે વિરોધ પક્ષના નેતાનો રોલ શોભાના ગાંઠિયા જેવો બની જાય છે (કેમકે કેન્દ્રીય મંત્રીનો મત સ્વાભાવિક જ વડાપ્રધાનના મત સાથે રહેવાનો અને પસંદગી ૨/૧ ની રહેવાની); જો CBI ના ડિરેક્ટરની પસંદગી સમિતિમાં મુખ્ય ન્યાયાધીશ હોય તો ચુનાવ આયુક્તોની પસંદગી સમિતિ (જ્યાં પ્રશ્ન લોકશાહીનો છે) માં મુખ્ય ન્યાયાધીશ શા માટે નહીં?; કાયદા ઘડવાની સત્તા સંસદને છે પરંતુ તેનું અર્થઘટન (બંધારણ સંદર્ભે) કરવાની સત્તા સર્વોચ્ચ ન્યાયાલય પાસે છે; અને બહુ તો એ કહી શકાય કે એ (કાયદો) બંધારણના આર્ટિકલ-૧૪ નું ઉલ્લંઘન કરે છે.

**નવસારી. - કમલેશ આર મોદી**

### ગઝલ ગાયક પંકજ ઉધાસ

ચાંદી જૈસા રંગ હૈ તેરા ,સૌને જૈસા બાલ જેવી સામાન્ય લોકોને પણ સમજાય એવા શબ્દોવાળી અત્યંત લોકપ્રિય ગુજરાતી ગઝલના ગાયક અને ઈંગ્લેંડમાં રોયલ આલ્બર્ટ હોલમાં કોન્સર્ટ કરનાર પહેલા ગુજરાતી ગઝલગાયક પંકજ ઉધાસનો જન્મ 17/5/1951 માં જેતપુરમાં થયો હતો.1980માં એમણે આહટ આલ્બમથી શરૂ કરેલી ગઝલયાત્રા એક પછી એક સફળતા મેળવતી ગઈ.એમના આલ્બમો મુક્કરર, તરન્નુમ, મહેફિલ, નાયાબ અને આફરિન જબરદસ્ત સફળ થયા. ગઝલોની એમની પસંદ, સરળ શબ્દરચના,ઘેરો અવાજ અને સાજમાં વાયોલિન અને વાંસળીનો ઉપયોગ એમની ગઝલોને વધુ લોકભોગ્ય બનાવે છે.લોકપ્રિયતાની એ ટોચે એમના માટે હિંદી ફિલ્મોમાં પાશ્વગાયકીના દ્વાર ખોલી દીધા. નામ ફિલ્મનું ચિઠ્ઠી આઈ હૈ ગીત અતિ લોકભોગ્ય થયુ.એના પગલે તેમને લતા મંગેશકર અને સાધના સરગમ સાથે ગાવાની તક મળી હતી.તક મળે ત્યારે તેઓ કેટલીક ફિલ્મોમાં અભિનય કરી લેતા.સેંટ ઝેવિયર્સ અને વિલ્સન કોલેજના આ વિગ્નાનના સ્નાતકે ઉચ્ચારણોને ભાવવાહી બનાવવા 10 મહિના તાલીમ લીધી હતી. ભારતમાં સૌ પ્રથમ કોમ્પેક્ટ ડિસ્ક તેમના આલ્બમ શગુફ્તાની બની હતી. ભારત સરકારે તેમને પદ્મશ્રીનો ખિતાબ આપેલો છે.

**સુરત - સુરેન્દ્ર દલાલ**

### ગુલમહોર ડે

ઉદવાડા- ગામના અમારા મિત્ર માસ્ટરજી (આચાર્ય શ્રી) સાચા અર્થમાં પ્રકૃતિપ્રેમી હતા. પ્રકૃતિ પ્રેમ અને પર્યાવરણની જાળવણી એમના જીવનમાં વણાઈ ગયેલાં. શાળાના વિદ્યાર્થીઓ માટે તેઓ એક આદર્શ સમાન હતા. ગુલમહોર ડે (?!) ના દિવસે એમના ઘરે આવવા અમને આમંત્રણ આપેલુ. તે દિવસે રવિવારે અમે પહોંચી ગયેલા. એમના વાડામાં બે મોટા વૃક્ષો હતા. એક ગુલમહોર અને બીજું ગરમાળાનું વૃક્ષ. ભર ઉનાળે ગુલમહોર સોળે કળાએ મહોરેલો જોઈને દિલ બાગ-બાગ થઈ ગયું. ગાઢો કેશરી રંગ અદભૂત સૌંદર્યના નમૂના રૂપ લાગ્યો. ભર ઉનાળે જાણે વસંત! ગુલમહોર જ્યારે પાંગરે ત્યારે તેઓ ગુલ મહોર- ડે મનવાતા. સાથેનો ગરમાળો પીળાં-પીળાં ઝુમખાં વાળો જાણે સૌંદર્યની હરિફાઈમાં સાથ આપતો. અમે એમનો પ્રકૃતિ પ્રેમ જોઈને ઘડીભેર દંગ રહી ગયાં. આજના કહેવાતા દુનિયાના ''મહાન'' નેતાઓ દેશના વિકાસને નામે (વિકાસ વિનાશ પણ નોતરે છે) લાખો-કરોડો વૃક્ષોનું નિર્દયતા પૂર્વક નીકંદન કરાવતા હોય છે. પેલા આચાર્ય શ્રી અને નેતાઓ એ બંનેની લાગણી-ભાવનામાં રહેલુ નહી પૂરાય એવું અંતર પ્રકૃતિ દૂર કરે એવી અંતરની આશા!

**પાલ, ભાઠા,- રમેશ એમ. મોદી,**

### કૃત્રિમતાનું આક્રમણ

એકવીસમી સદીમાં માનવસભ્યતા પર ભય તોળાઈ રહ્યો છે. કૃત્રિમતાનું આક્રમણ વિજ્ઞાન સંગે ઝડપભેર થઈ રહ્યું છે. રોબોટ અને આર્ટિફિશ્યલ ઈન્ટેલિજન્સની સુવિધાઓ હવે ચિંતાજનક બની રહી છે. વેપાર-ઉદ્યોગ અને શિક્ષણ ઉપરાંત હવે સામાજિક અને અંગત જીવનમાંયે ચિંતા જન્મી રહી છે. માનવસ્વરૂપના આબેહૂબ રોબો માનવસમાજમાં રોજી રોટીને ઝૂંટવી રહ્યા છે. ઉપરાંત લાગણીશૂન્ય વ્યવહારો જમાવી રહ્યા છે. સગાઈ જેવા સામાજિક પ્રસંગમાં રિંગ બેરર બને છે, વેલકમ ડ્રિંક્સ સર્વ કરે છે. જીવનસાથીના અભાવમાં જીવનસાથીની ભૂમિકા પણ અદા કરે છે. કોન્ફરન્સમાં મોમેન્ટો આપવા માટે પણ રોબોટને જવાબદારી સોંપાય છે, તો યુધ્ધમાં પણ રોબોટ સેના તૈયાર કરાય છે. મિત્રતા અને સગપણમાં રોબોટને સ્થાન અપાઈ રહ્યું છે. કેટલાક તેને કળિયુગની બલિહારી ગણે છે. સભ્ય માનવસમાજમાં ધીમે પગલે પ્રવેશતાં આક્રમણને ખાળવું જ રહ્યું.

**સુરત- યુસુફ એમ. ગુજરાતી**

### ચાર દિવસનું અઠવાડિયું

તમે જો નોકરી કરતા હો અને કોઈ તમને એમ કહે કે તમારે ચાર દિવસ જ કામ પર આવવાનું છે તો તમે કેટલા ખુશ થઈ જાવ કેમ ખરું ને? આ સમાચાર મજાક નથી પણ હકીકત છે. દુનિયાના એવા દેશો છે, જ્યાં લોકો માત્ર ચાર દિવસ જ કામ કરે છે અને બાકીના દિવસોમાં જલસાવાળી જિંદગી જીવે છે. આ વર્ક કલ્ચરની શરૂઆત યુરોપથી થઈ હોવાનું માનવામાં આવે છે. બેલ્જિયમ જેવા દેશોએ પોતાનાં કર્મચારીઓને ચાર દિવસ કામ કરવાનો અધિકાર આપ્યો છે. આ સિવાય પોર્ટુગલ, સ્પેન અને ફ્રાન્સ જેવા દેશો પણ આ પધ્ધતિ અપનાવવાની દિશામાં કાર્ય કરી રહ્યાં છે. આ પધ્ધતિ અપનાવવાથી લાંબા ગાળા સુધી સતત કામ કરવાથી થતો તણાવ અને શારીરિક થાક ઘણે અંશે ઓછો થઈ જાય છે અને તેની સીધી અસર તેમના કામની ગુણવત્તા પર પડે છે. આ ટ્રેન્ડ માત્ર યુરોપ પૂરતો સીમિત નથી. પરંતુ એશિયાઈ દેશોમાં પણ ઝડપથી ફેલાઈ રહ્યો છે એવું માનવામાં આવે છે. જો કે આપણે ત્યાં તો 5 દિવસના અઠવાડિયાની શરૂઆત અમુક ફિલ્ડમાં જ ચાલે છે તો વળી 4 દિવસના અઠવાડિયાની વાત તો દૂરની કહેવાય.

**સુરત - શ્રીમતી શીલા સુભાષ ભટ્ટ,**